# સ્નેહસંચલનોની સંકુલતા | ઇલા નાયક

[અવઢવ : જનક નાયક, પ્રકા. સાહિત્ય સંગમ, સુરત, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧]

સાહિત્ય માનવમનનું સર્જન છે અને તે માનવમન સુધી પહોંચે છે. આથી જ સાહિત્યને મનુષ્યના અસ્તિત્વનું ભાષાગત પ્રતિનિધાન તરીકે ઓળખાવવામાં આવ્યું છે. સાહિત્યમાં અને તેમાં પણ કથાસાહિત્યમાં મનુષ્યની આંતરબાહ્ય ગતિવિધિ સુપેરે પ્રગટ થતી હોય છે. આથી સાહિત્યમાં સૌંદર્યતત્ત્વની સાથે મનુષ્યના મનોવ્યાપારો, ભાવનાઓ, સંવેદનો, વિચારો પ્રગટ થતાં હોય છે. માનવજીવનના અનુભવો, સંઘર્ષો માનવમન સાથે અતૂટ જોડાયેલા છે. આવા સંઘર્ષો, સંવેદનો ‘અવઢવ'માં વ્યક્ત થયાં છે. ‘અવઢવ' સંવેદનસંઘર્ષની કથા છે.

જનક નાયક માનવમનના અચ્છા પરખંદા છે, તેથી તેમની નવલકથાઓમાં ચરિત્રોનું મનોવૈજ્ઞાનિક આલેખન વધુ જોવા મળે છે. ‘અવઢવ' તેમની લઘુનવલ છે અને લઘુનવલમાં બૃહન્નવલની જેમ સમાજ, રાષ્ટ્ર આદિ મોટા ફલક પર આલેખી શકાય એવું ઘટનાબહુલ વિષયવસ્તુ હોતું નથી. લઘુનવલમાં તો વ્યક્તિની મનની દુર્ગમ પ્રદેશોમાં પ્રવેશવાનો પુરુષાર્થ હોય છે. કોઈ વિશિષ્ટ પરિસ્થિતિ કે સંજોગોમાં મુકાતી વ્યક્તિનું ચિત્ત જે કટોકટી અનુભવે, દ્વંદ્વ અનુભવે, તાણ અનુભવે છે તેનું ચિત્ર કથાકાર આપતો હોય છે. આમ લઘુનવલમાં સમાજ નહીં પણ વ્યક્તિગત ચેતનાનાં આંદોલનો મૂર્ત કરાયાં હોય છે. અહીં લાગણીનો સંઘર્ષ પ્રણયનો નથી, જીવનની અસંગતતાનું સંવેદન પણ નથી, અચેતન મનને પ્રતિબિંબિત કરતા કોઈ સ્વપ્નની કથા પણ નથી. અહીં તો ત્રણ પાત્રોના સ્નેહસંચલનોની કથા છે. આ ત્રણે એકબીજાંને ચાહે છે છતાં તેમનો પ્રેમ કોઈ ને કોઈ કારણે અવરોધાય છે. એક પાત્ર બીજાને ચાહે પણ છે અને તેની સાથે ઉગ્ર વિરોધ પણ કરે છે. પ્રેમની વાતમાં એક વત્તા એક બરાબર બે એવું નિશ્ચિત ગણિત હોતું નથી. એનાં સરવાળા-બાદબાકી પોતાનાં આગવાં હોય છે. અહીં ત્રણે પાત્રોના મનની સંકુલતાઓ સરસ વ્યક્ત થઈ છે.

સ્પંદન અને શકુંતલા પતિ-પત્ની છે અને કૃતિ તેમની લાડ લડાવેલી, બુદ્ધિશાળી, સ્વતંત્ર વિચારો ધરાવતી પુત્રી છે. સ્પંદન અને શકુંતલાનું લગ્ન માતા-પિતાની પસંદગીનું હતું. શકુંતલા અંગ્રેજી સાથે એમ.એ. થયેલી હતી. તેણે અંગ્રેજીના ક્લાસીસ પણ ચલાવ્યા હતા. તેને જલદી લગ્ન નહોતાં કરવાં કેમ કે જાતે જિંદગી જોવી હતી, અનુભવવી હતી અને કમાઈને થોડા પૈસા ભેગા કરવા હતા, જાતે કમાયેલા પૈસા મન મૂકીને ખર્ચવા હતા પણ પપ્પાએ પસંદ કરેલા યુવક સ્પંદન સાથે એને પરણવું પડ્યું. લગ્ન પછી બંને એકબીજાને પ્રેમ કરતાં થયાં એમ કહેવા કરતાં ગોઠવાયાં એમ કહેવું ઉચિત છે. એમાં પણ શકુંતલા જ બધી રીતે સ્પંદનને અનુકૂળ થઈને રહે છે. એના સ્વતંત્ર વ્યક્તિત્વને કથામાં સ્થાન અપાયું નથી. કૃતિ સ્પંદન અને શકુંતલાની લાડઘેલી દીકરી હતી. કૃતિ જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ માતા-પિતાના જટિલ સંબંધોને નિરખતી-પરખતી જાય છે. કૃતિને મમ્મી માટે ઊંડો પ્રેમ છે પણ તે પપ્પાની વધુ નજીક છે. તે પપ્પાને ખૂબ ચાહે છે. સ્પંદને મંથર નામનો એક યુવાન કૃતિ માટે પસંદ કર્યો છે અને તે દૃઢ રીતે માને છે કે મંથર કૃતિ માટે બધી રીતે યોગ્ય છે. પણ કૃતિ હાલમાં લગ્ન કરવા માગતી નથી અને તે પણ છોકરાને જાણ્યા વિના, ઓળખ્યા વિના તેને લગ્ન કરવાં નથી. અહીં સંઘર્ષ જન્મે છે. કૃતિની બાબતમાં ઇતિહાસનું પુનરાવર્તન થાય છે. શકુંતલા ઇચ્છે છે કે સ્પંદન કૃતિને નિર્ણયની સ્વતંત્રતા આપે, પણ તે બોલી શકતી નથી. મા-બાપ સંતાનોનું સુખ જ ઇચ્છતાં હોય છે અને પોતાની દૃષ્ટિએ સારું ભણેલો, દેખાવડો, સેટલ થયેલો કમાતો છોકરો શોધે છે અને તેઓ માને છે કે દીકરી ત્યાં સુખી જ થશે. પણ વહાલી દીકરીનાં લગ્ન માટે એના અભિપ્રાયનું કોઈ વજૂદ જ નહીં ? એવો પ્રશ્ન લેખકે અહીં ઊભો કર્યો છે.

સ્પંદન માને છે કે તે જે કંઈ કરે છે તે શકુંતલા અને કૃતિના સુખ માટે જ કરે છે. સ્પંદન સત્તાવાહી સ્વભાવનો છે. ઘરમાં નિર્ણાયક સત્તા તેની જ છે. શકુંતલાનો તો કોઈ અવાજ જ નથી. કૃતિએ મમ્મી-પપ્પાના લગ્નજીવનને જોયું છે અને તે માને છે કે તે બંને એકબીજા માટે બનેલાં નથી. તે પોતાના મંથર સાથેના વિવાહ અંગે અકળાયેલી છે. પણ પપ્પાને તે ચાહે છે અને તેમને તે દુઃખી જોવા ઇચ્છતી નથી. આમ છતાં લગ્ન અંગે તે પોતાનો વિરોધ તો નોંધાવે જ છે. તેના ગુસ્સાને અને ઉદાસીને ઓછાં કરવા સ્પંદન શકુંતલા અને કૃતિ સાથે પાંચ દિવસ ગોવા ફરવા જવાનો પ્રોગ્રામ બનાવે છે. આ પાંચ દિવસના સમયમાં વર્તમાન અને ભૂતકાળના પ્રસંગો ગોઠવાયા છે. અહીં ત્રણે એકબીજાને સમજવાનો પ્રયત્ન કરે છે. આ પાંચ દિવસ દરમિયાન જે નાના નાના પ્રસંગો બને છે તે દ્વારા ત્રણે પાત્રોનાં મનઃસંચલનો પ્રગટ થતાં રહે છે. પાત્રો વારાફરતી કથક બનીને પોતાની વાત કહેતાં જાય છે અને એ રીતે કથા ગૂંથાતી જાય છે.

લઘુનવલમાં સ્થળ, કાળ અને પરિવેશનો પરિચિત ફલક પર ઉપયોગ થતો હોય છે. અહીં ગોવાનો બીચ અને સમુદ્રનો પરિવેશ પાત્રસંવેદનને મૂર્ત કરવા ઉચિત રીતે ઉપયોજાયો છે. નવલકથાનો આરંભ સ્પંદનના આત્મકથનથી થાય છે. તે દરિયાકિનારે બેઠો છે. થોડે દૂર કૃતિ રેતીમાં ઘર બનાવી રહી છે પણ સ્પંદનને કૃતિ દૂર હતી એના કરતાં પણ વધુ દૂર લાગે છે. કૃતિનું આમ રેતીમાં ઘર બનાવવું અને સ્પંદનને કૃતિ ‘વધુ દૂર' લાગવી સૂચનાત્મક છે. નવલકથામાં લેખકે પ્રતીકો યોજ્યાં છે પણ તે ન સમજાય એવાં સંકુલ નથી. કેટલીક વખત પ્રતીક બોલકું પણ લાગે છે. બીચ ઉપર સ્પંદન, કૃતિ અને શકુંતલા ત્રણે એકબીજાથી દૂર દૂર પોતપોતાનામાં મસ્ત, એકબીજાથી અલિપ્ત બેઠાં હતાં. સ્પંદન વિચારે છે એના ઘરની ત્રણ જ દીવાલો છે. એ મંથરને ચોથી દીવાલ બનાવવા ઇચ્છે છે. આમ કરવા જતાં કદાચ એક દીવાલ ઓછી થાય એવું પણ બને. તેના ઘરની એક દીવાલ સાવ મૂંગી છે. એની મૂંગી ચીસો સ્પંદનની કાળમીંઢ દીવાલ સાથે ટકરાઈને વિખેરાઈ જાય છે. દરિયામાં ડૂબતી શકુંતલાને આંખ સામે પાણીની દીવાલ દેખાય છે. અહીં એકથી વધુ અર્થ આપતું દીવાલનું પ્રતીક અસરકારક બન્યું છે. ઘરની દીવાલ રક્ષણ પણ આપે અને બંધન પણ લાદે. શકુંતલા માટે સ્પંદન જડ દીવાલ છે, જ્યાં એનાં સંવેદનો અથડાઈને ચૂર ચૂર થઈ જાય છે. હોટલના રૂમમાં આંટા મારતી કૃતિને જ્યાં ને ત્યાં દીવાલ નડે છે. મંથરની ધૂંધળી દેખાતી દીવાલમાં કૃતિને અંધારખૂણાનો આભાસ થાય છે. આમ અહીં જોઈ શકાય છે કે સ્પંદન અહ્મશીલ હોવા છતાં પોતાનું વિશ્લેષણ તો કર્યા જ કરતો હોય છે અને તેથી જ કથાને અંતે તે પોતાની જીદ છોડી શકે છે. આથી જ તે ભાવકની સહાનુભૂતિ પણ ગુમાવતો નથી. કૃતિ મમ્મીનો પક્ષ લઈ “લેટ હર ટોક પાપા. આખી જિંદગી તો એ મૂંગી રહી છે” કહે છે ત્યારે “તારે કશુંક કહેવું છે શકુંતલા ?” કહેતાં પોતાનો “અવાજ જાણે રાક્ષસી બની ગયો હતો” એવું તેને લાગે છે. તે બેઠો બેઠો વિચાર્યા કરે છે ત્યારે કૃતિનો અવાજ સંભળાય છે, “પાપા પ્લીઝ ! જસ્ટ નાવ નો મૅરેજ.” છેવટે મંથર

અંગે પૉઝિટિવ વિચારવા કૃતિને વધુ સમય આપવો પડશે એવું સ્વીકારે છે.

કૃતિને પપ્પાનો સત્તાવાહી સ્વભાવ ગમતો નથી પણ એ પપ્પાના પ્રેમને પણ અનુભવે છે અને પોતે પણ પપ્પાને ખૂબ ચાહે છે. વિરોધ કરવો તો કેમ કરવો અને સ્વતંત્ર નિર્ણય પણ કેવી રીતે કરવો ? તે ખૂબ મૂંઝાયેલી છે. માત્ર મનની સંકુલતા અહીં સરસ પ્રગટ થઈ છે. કૃતિ જુએ છે કે મમ્મીએ લગ્નજીવનમાં શાંતિ અનુભવવી હોય તો પપ્પાના કહ્યામાં જ રહેવું પડે છે, તેથી જ અજાણ્યા મંથન સાથે લગ્ન માટે તે નિર્ણય લઈ શકતી નથી. નવલકથાકારે સ્પંદન અને શકુંતલાના લગ્નજીવન દ્વારા પુરુષપ્રધાન કુટુંબજીવનના પ્રશ્નને પણ સ્પર્શ્યો છે. અહીં તેઓ કોઈ એક જ મત કે અભિપ્રાયના પક્ષકાર બનતા નથી તેમણે પાત્રોને સ્વતંત્ર વિહરવા દીધાં છે. કૃતિ શકુંતલાને સ્પષ્ટ કહે છે, ''યુ ઍન્ડ પાપા, યુ બોથ નેવર સિમ્ડ મેઇડ ફૉર ઇચઅધર... આ તો લગ્ન કર્યાં છે એટલે સાથે જીવવાનું, બાકી પ્રેમબેમ જેવું કશું નહીં.'' શકુંતલાની દરિયામાં તણાવાની ઘટના પ્રતીકાત્મક છે. એમાં પિતા-પુત્રીના સંઘર્ષ વચ્ચે ક્યાંક શકુંતલાનો ભોગ ન લેવાઈ જાય એવો સંકેત મળે છે.

આ પછી ત્રણે ગોવાદર્શન માટે જાય છે ત્યારે નાની નાની ઘટના સ્પંદન-શકુંતલાના દામ્પત્યને પ્રતિબિંબિત કરે છે. શકુંતલા પાસે સીટ ખાલી હોવા છતાં સ્પંદનનું એની સાથે ન બેસવું, બસને બ્રેક લાગવાથી સ્પંદને પાડેલો ફોટો આઉટ ઑફ ફોકસ આવે છે ત્યારે ''આખું જીવન જ આઉટ ઑફ ફોકસ'' ત્યાં... એવું શકુંતલાનું વિચારવું વગેરેનું કથામાં વ્યંજનામૂલ્ય ઘણું છે. સ્પંદન પોતાની લાગણીને ચકાસે છે, ''શકુંતલા તરફ મને અનહદ પ્રેમ છે એવું હું ચોક્કસપણે કહી શકું નહીં. શકુંતલા સાથે રહેવાનું છે. આખી જિંદગી કાઢવાની છે અને એકપત્નીવ્રત નિભાવવાનું છે એની મને જાણ ખરી. પણ શકુંતલાથી હું સંતુષ્ટ છું એવું ન જ કહી શકું ને શકુંતલા ? કદાચ એ પણ મારાથી સંતુષ્ટ નથી.'' તેઓ ચર્ચમાં મમી જોવા જાય છે ત્યારે કૃતિ વિચારોમાં ખોવાય છે. લગ્ન અંગે પપ્પા સાથે જે ઉશ્કેરાટથી વાતો થયેલી તેનું સ્મરણ થાય છે, અને પોતે પપ્પાને દુઃખી કર્યાનો અપરાધભાવ અનુભવે છે. તે મનોમન પપ્પાની ક્ષમા માગે છે. કૃતિને મંથન ગમતો ન હતો એવું ન હતું પણ મમ્મી-પપ્પાના સંબંધો જોઈ તે અચકાય છે. લગ્ન પછી મંથન સાથે મનમેળ ન થાય તો શું ? એવી તેને દહેશત છે. પોતે દુઃખી નથી એવું વારંવાર સમજાવતી મમ્મી ભ્રમમાં જ જીવે છે એવું તે માને છે. કૃતિને આખી પુરુષજાતિ સામે લડવાની ઇચ્છા થાય છે. તે રડી પડે છે અને મમ્મીને કહે છે, ''પ્લીઝ, પપ્પાને સમજાવી દેજે, મારે મંથન સાથે લગ્ન નથી કરવાં.''

કૃતિ, સ્પંદન અને શકુંતલા બીચ પર ચાલી રહ્યાં હતાં ત્યારે સામે અડધું રેતી પર અને અડધું પાણીમાં ઊભેલું વહાણ તેઓ જુએ છે. આ જર્જરિત વહાણમાંથી એક પુરુષ બહાર આવે છે. સ્પંદનને સમુદ્રની પાર્શ્વભૂ પર વહાણ પર ઊભેલા આ પુરુષનો ફોટો લેવાનું મન થાય છે. તે ફોકસ કરે છે તેવામાં વહાણની બીજી બાજુથી એક યુવતીનો અવાજ સંભળાય છે. તે યુવતી ધીમા અવાજે તેની મમ્મીને ફોન પર કહી રહી હતી, ''મારું આની સાથે જામશે નહીં... મનમેળ જ નથી ત્યાં ? હું આવું ત્યાં સુધીમાં ડિવૉર્સપેપર તૈયાર રાખજે.'' આ બૉમ્બફૂટ્યા સમા શબ્દો સાંભળતાં સ્પંદને કૅમેરાનું બટન તો દાબ્યું પણ ફોટો 'આઉટ ઑફ ફોકસ' આવ્યો. આ અનુભવ પછી સ્પંદન કૃતિને લગ્નના નિર્ણયની સ્વતંત્રતા આપે છે. તે ચોંકી જાય છે કે પોતાની વહાલી દીકરીનું પણ આવું થાય તો ? જે વાત શકુંતલા અને કૃતિ તેને સમજાવી ન શક્યાં તે તેને પેલી યુવતીના શબ્દોએ સમજાવી દીધી. પ્રસંગની સમાંતરતાનો ઉપયોગ કરી કથાકારે ઇપ્સિત સિદ્ધ કર્યું છે. સ્પંદનની આ વાત સાંભળી શકુંતલા પણ હળવી થઈ જાય છે અને તેનો આભાર માને છે, ''આજે ઠીક કર્યું તમે. આભાર તમારો.'' આમ કહી તે સ્પંદનને ભેટીને રડી પડી. સ્પંદનની આંખો પણ ભીની થાય છે. તે શકુંતલાને આલિંગનમાં જકડે છે. બંને ઝડપથી ચાલી કૃતિની સાથે થઈ જાય છે અને તે બીજા હાથથી કૃતિને પણ બાહોમાં સમાવે છે. પપ્પાએ તેને સ્વતંત્રતા આપી પણ કૃતિ નિર્ણય લેવાની અવઢવમાં હતી.

પ્રસ્તુત નવલકથામાં સર્જકે સ્પંદન, શકુંતલા અને કૃતિના મનોગતને એક કૌટુંબિક સમસ્યાના સંદર્ભમાં ઉદ્‌ઘાટિત કર્યું છે. આરંભથી અંત સુધી સ્પંદન અને કૃતિની સંવિત ધારા વહેતી રહે છે. શકુંતલાનું પાત્ર અલ્પ જ ઊઘડ્યું છે. પાત્રોના આંતરજીવનની વાસ્તવિકતા કુટુંબજીવનની પાર્શ્વભૂમિ પર નિરૂપાઈ છે. કથામાં અંતે તો સ્નેહ જ નિર્ણાયક બને છે. પ્રફુલ્લ દેસાઈની આ વાત સાચી લાગે છે, ''લેખકનું ધ્યાન જનરેશનગૅપમાંથી સર્જાતા સંઘર્ષ તરફ છે, એટલું પતિપત્નીના વટકેલા સંબંધ પર નથી.''

લઘુનવલમાં ભાષાના સર્જનાત્મક વિનિયોગની ઘણી તક છે. આ કથામાં લેખકે ભાષાની વિવિધ શક્તિઓ ખપમાં લીધી છે. શબ્દોમાં રહેલી લક્ષણા, વ્યંજના, માર્મિકતા અને કલ્પનાશીલતાનતો સંયમિત પ્રયોગ છે. ક્યાંય કવેતાઈ નથી. આરંભમાં સ્પંદને કરેલું સાગરનિરીક્ષણ જુઓ : ''.... મોજાં ઊઠતાં, પાસે આવતાં, પાણી જાણે ચક્કર ચક્કર ફરતું, પછી ધરતીથી અલગ થવાનું હોય એમ ઉપર ઊઠતું. પાણીની એક નાનકડી દીવાલ રચાઈ જતી. પછી એ જુસ્સાથી આગળ વધતું. જાણે કિનારા પરના સૌને પોતાનામાં સમાવી લેવાતું ન હોય ! થોડોક સમય પાણીની દીવાલ મોટી થઈ રહી છે એવું લાગતું. પછી અચાનક થાકી જતું હોય તેમ જળ કિનારાની રેતીમાં ફેલાઈ જતું, ફિણોટાઈ જતું, પછી અસંખ્ય શ્વેત, બુંદ બુંદમાં તૂટી જતું.'' અહીં સમુદ્રનાં ઊછળતાં મોજાંનાં પાણીનું જીવંત ચિત્ર આલેખાયું છે. ટૂંકાં ટૂંકાં વાક્યો, ઉપવાક્યોના સંયોજનથી લેખકે લય સિદ્ધ કર્યો છે. પાણીની દીવાલ થવી અને પછી રેતીમાં ફિણોટાઈને બુંદબુંદમાં તૂટી જતું પાણી સ્પંદનના મનોસંઘર્ષને પણ સુપેરે વ્યંજિત કરે છે. વળી 'પાણી' એટલે 'જીવન' અને વટ, ટેક કે શૂરાતન. અહીં આ બંને અર્થવ્યંજના લઈ શકાય એમ છે. સ્પંદનમાં રહેલી વિચારોની દૃઢતા દીવાલરૂપ બને અને થાકીને કણકણ બની વિખેરાઈ પણ જાય છે. તેથી જ આ પાણી જીવનદાયી બને છે. સીધાસાદા દેખાતા વર્ણન પછીતે રહેલો અર્થ પાત્રના મનોગતમાં પ્રવેશ કરાવે છે. આવાં બીજાં દૃષ્ટાંતો પણ આપી શકાય એમ છે. અહીં કલ્પન, અલંકરણની માત્રા અલ્પ જ છે પણ વ્યંજનાગર્ભ ગદ્યમાં પ્રતીક થવાની ક્ષમતા ઘણી છે. માર્મિક સંવાદો પાત્રસંવેદનને ચોટદાર રીતે રજૂ કરે છે.

ગોવાનો બીચ અને સમુદ્ર આ નવલકથામાં પરિવેશ તરીકે લેવાયા છે અને પાંચ દિવસનો સમય વર્તમાન-ભૂતકાળના તંતુઓથી ગૂંથાયો છે. અહીં પરિવેશ કે સમયસંકલનાની આંટીઘૂંટી નથી. આ બધું જ પાત્રના ભીતરને વ્યક્ત કરવા પ્રયોજાયું છે. આ બધાં ઘટકો પાત્રના આંદોલિત થતાં આંતર-સંચલનોને પ્રકાશિત કરવા સમર્થ છે.

ટૂંકમાં, 'અવઢવ'માં ચરિત્રોનું ભાવવિશ્વ કરકસરયુક્ત શૈલીથી આવિષ્કાર પામ્યું છે. જુદા જુદા ભાવ અનુભવતાં દ્વિધાગ્રસ્ત ચરિત્રોનું સંકેતાત્મક અને માર્મિક નિરૂપણ આસ્વાદ્ય બન્યું છે.